Civil Services (Main) Examination, 2024

PHKM-U-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર I / Paper I

## ( સાહિત્ય ) / ( LITERATURE )

સમય મર્યાદા : **ત્રણ** કલાક
*Time Allowed :* ***Three*** *Hours*

મહત્તમ ગુણ : **250**
*Maximum Marks :* ***250***

## પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

અહીં **બે વિભાગમાં આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય **ત્રણ** ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are* ***EIGHT*** *questions divided in* ***TWO SECTIONS****.*

*Candidate has to attempt* ***FIVE*** *questions in all.*

*Question nos.* ***1*** *and* ***5*** *are compulsory and out of the remaining, any* ***THREE*** *are to be attempted choosing at least* ***ONE*** *question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)****.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1. આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો :** *10×5=50*

(a) ગુજરાતી ભાષાના સ્પર્શ વ્યંજનો, સંઘર્ષીઓ અને સ્વરો વિશે નોંધ લખો. *10*

(b) જૈનસાહિત્યમાં રચાયેલી ગદ્યકૃતિઓનો પરિચય કરાવો. *10*

(c) સુધારકયુગમાં નવલરામે કરેલાં સાહિત્યિક પ્રદાનને મૂલવો. *10*

(d) મનુભાઈ પંચોલી ('દર્શક')એ નવલકથાક્ષેત્રે કરેલા પ્રદાનની સાધાર ચર્ચા કરો. *10*

(e) રાજેશ વ્યાસ 'મિસ્કીન' ના ગઝલકર્મનો પરિચય આપો. *10*

**Q2. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ-વિકાસની વિભિન્ન ભૂમિકાઓ અને તેનાં લક્ષણોની સમીક્ષાત્મક ચર્ચા કરો. *20*

(b) પંડિતયુગની કાવ્યસર્જન પરંપરાને સમૃધ્ધ કરનારા કવિઓની કવિપ્રતિભાનો સદૃષ્ટાંત પરિચય કરાવો. *20*

(c) ભીમ કૃત 'સદ્‌યવત્સવીર પ્રબંધ'માં થયેલો લૌકિક કથાનો વિનિયોગ જણાવો. *10*

**Q3. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ધૂમકેતુ અને દ્વિરેફની વાર્તાકલાની વિસ્તૃત ચર્ચા કરો. *20*

(b) વર્ષા અડાલજા અને હિમાંશી શેલતના કથાસાહિત્યનું મૂલ્યાંકન કરો. *20*

(c) સુરતી અને સૌરાષ્ટ્રીબોલી વચ્ચેની ભિન્નતા દર્શાવો. *10*

**Q4. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) મધ્યકાલીન ભક્તકવિઓના પ્રદાનની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(b) સુધારક યુગનાં પ્રેરક પરિબળો અને લક્ષણો દર્શાવી નર્મદ અને દલપતરામે સર્જનક્ષેત્રે કરેલાં પ્રદાનને મૂલવો. *20*

(c) કનૈયાલાલ મુનશીના સર્જનમાં રાષ્ટ્રીય અસ્મિતા અંગે ચર્ચા કરો. *10*

## SECTION B

**Q5. આશરે 150 શબ્દોમાં ઉત્તરો આપો :** *10×5=50*

(a) 'રાસ'નું સ્વરૂપ સમજાવી જૈનકવિઓકૃત બે રાસકૃતિઓનો પરિચય આપો. *10*

(b) ભવાઈના સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક વેશો વિશે વિવરણ કરો. *10*

(c) લલિતનિબંધનાં લક્ષણો દર્શાવી દિગીશ મહેતાની નિબંધકલાની ચર્ચા કરો. *10*

(d) ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે થયેલા અવનવા પ્રયોગોની સદૃષ્ટાંત ચર્ચા કરો. *10*

(e) સૉનેટનું સ્વરૂપ સ્પષ્ટ કરી ઉશનસ્‌નાં સોનેટ કાવ્યોનો પરિચય આપો. *10*

**Q6. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) પદનાં સ્વરૂપગત લક્ષણો સંદર્ભે નરસિંહ અને મીરાંનાં પદોની સમીક્ષા કરો. *20*

(b) ગુજરાતી સાહિત્યમાં પ્રાદેશિક નવલકથાના આરંભ અને વિકાસની ચર્ચા કરો. *20*

(c) ગીતનાં સ્વરૂપગત લક્ષણોને કેન્દ્રમાં રાખીને રાજેન્દ્ર શાહનાં ગીતોને મૂલવો. *10*

**Q7. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) આખ્યાનની સ્વરૂપગત લાક્ષણિકતા દર્શાવી પ્રેમાનંદની આખ્યાનકલા મૂલવો. *20*

(b) સંશોધનક્ષેત્રે ઝવેરચંદ મેઘાણી અને હરિવલ્લભ ભાયાણીના પ્રદાનનું મૂલ્યાંકન કરો. *20*

(c) વીનેશ અંતાણીની વાર્તાકલાનો પરિચય આપો. *10*

**Q8. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ઉમાશંકર જોશીએ કરેલાં સૈધ્ધાંતિક, સ્વરૂપગત અને કૃતિલક્ષી વિવેચનો વિશે ચર્ચા કરો. *20*

(b) ગઝલનું સ્વરૂપ સ્પષ્ટ કરી ગુજરાતી ગઝલની ગતિવિધિનો આલેખ આપો. *20*

(c) શામળની પદ્યવાર્તાઓની વિવિધરંગી પાત્રસૃષ્ટિ અને અદ્‌ભુતરસસૃષ્ટિનો પરિચય આપો. *10*